13

# ગુજરાત માહિતી આયોગ

બ્લોક નં.-૧, બીજો માળે, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
ટેલીફોન નંબર- +૯૧ ૭૯ ૨૩૨ ૫૭૩૧૪, ૫૨૮૨૭, ૫૮૦૭૦
ઇ-મેઇલ: gscic@gujarat.gov.in વેબસાઇટ: www.gic.gujarat.gov.in

તાત્કાલીક

જીઆઇસી/અ-૦૭૮૬/અ-૪૦૧૪-૨૦૨૪/કોર્ટ કેસ યુનિટ
તા.૧૩-૦૩-૨૦૨૫

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,
બ્લોક નં.૧૪/૯, નવા સચિવાલય,
સેક્ટર-૧૦ એ, ગાંધીનગર-૩૮૨૦૧૦.

વિષય : શ્રીમતી જ્યોતિ પી. કેવલરામાણી તથા શ્રી પ્રિતમ જી. કેવલરામાણી રહે. ૪૩, આમ્રકદમ બંગ્લોઝ, સેટેલાઇટ, અમદાવાદ દ્વારા માહિતી અધિકાર અધિનિયમ એક્ટ -૨૦૦૫ હેઠળ કરવામાં આવતી અરજીઓ બાબત. ગુજરાત માહિતી આયોગનો તા.૦૫/૦૩/૨૦૨૫ નો હુકમ ક્રમાંક: અ-૦૭૮૬-૨૦૨૪, અ-૪૦૧૪-૨૦૨૪.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેનો ગુજરાત માહિતી આયોગનો તા.૦૫/૦૩/૨૦૨૫ નો હુકમ ક્રમાંક: અ-૦૭૮૬-૨૦૨૪, અ-૪૦૧૪-૨૦૨૪ ના હુકમની નકલ આ સાથે સામેલ છે. આ હુકમ અન્વયે આપના હસ્તકના તમામ જાહેર સત્તામંડળોને જરૂરી સૂચના આપવા વિનંતી છે.

% બિડાણ ઉપર મુજબ

આપનો વિશ્વાસુ,
(જયદીપ દ્વિવેદી)
સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

સં
17/3/25

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં.- અ-૦૭૮૬-૨૦૨૪

વિવાદી : શ્રીમતી જ્યોતી પી. કેવલરામાણી
૪૩, આમ્રકદમ બંગ્લોઝ,
સુપર સોસાયટીની પાસે, રામદેવનગર,
સેટેલાઈટ, અમદાવાદ - ૩૮૦૦૧૫

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી
૩જો માળ, જી.એસ.એલ.એસ.એ બિલ્ડીંગ,
ગુજરાત હાઇકોર્ટ પોસ્ટ ઓફીસ પાસે,
ગુજરાત હાઇકોર્ટ કેમ્પસ, સોલા,
અમદાવાદ - ૩૮૦૦૬૦

(૨) અપીલ સત્તાધિકારી
સભ્ય સચિવ
ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી
૩જો માળ, જી.એસ.એલ.એસ.એ બિલ્ડીંગ,
ગુજરાત હાઇકોર્ટ પોસ્ટ ઓફીસ પાસે,
ગુજરાત હાઇકોર્ટ કેમ્પસ, સોલા,
અમદાવાદ - ૩૮૦૦૬૦

તા.૫/૩/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજય સમક્ષ

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૧) સુનાવણીની તારીખ : ૦૪/૦૩/૨૦૨૫

(૨) સુનાવણી માટેનું સ્થળ : ગુજરાત માહિતી આયોગ

(૩) આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : | ૦૩/૧૦/૨૦૨૩ |
| (ii) | તબદીલી પત્ર | : | -- |
| (iii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | ૦૬/૧૧/૨૦૨૩<br>૦૭/૧૨/૨૦૨૩ |
| (iv) | પ્રથમ અપીલ | : | ૦૮/૧૨/૨૦૨૩ |
| (v) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : | ૧૭/૦૧/૨૦૨૪ |
| (vi) | બીજી અપીલ | : | ૦૩/૦૨/૨૦૨૪ |
| (vii) | વિવાદીની રજૂઆત | : | -- |
| (viii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | -- |
| (ix) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : | ૨૩/૦૪/૨૦૨૪ |

(૪) સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-

વિવાદી : શ્રીમતી જ્યોતી પી. કેવલરામાણી ઉપસ્થિત રહેલ નથી.

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ, જી.એસ.એલ.એસ.એ બિલ્ડીંગ, ગુજરાત હાઇકોર્ટ સોલા, અમદાવાદ ઉપસ્થિત રહેલ નથી.

(૨) શ્રી, પ્રથમ અપીલ સત્તાધિકારી અને સભ્ય સચિવ, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી, જી.એસ.એલ.એસ.એ બિલ્ડીંગ, સોલા, અમદાવાદ ઉપસ્થિત રહેલ નથી.

(૫) <u>આયોગ સમક્ષ રજૂ થયેલ વિવાદીની બીજી અપીલની ટૂંકી વિગતો:-</u>

જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા યોગ્ય પ્રત્યુતર કે કાર્યવાહી કરવામાં આવેલ નથી. આથી, માંગણી મુજબની માહિતી અપાવવા રજૂઆત કરેલ છે.

(૬) <u>આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-</u>

વિવાદી સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી. આયોગને અનુભવે જણાયું છે કે, વિવાદી તેઓની બીજી અપીલની સુનાવણીમાં ક્યારેય ઉપસ્થિત રહેતા નથી.

આયોગ સમક્ષ રજૂ થયેલ માહિતી અનુસાર, વિવાદી શ્રીમતી જ્યોતિ પી. કેવલરામાણી અને તેઓના પતિ શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી દ્વારા આયોગ સમક્ષ છેલ્લા પાંચ વર્ષમાં, વર્ષવાર નીચે મુજબની બીજી અપીલ/ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | આયોગમાં રજૂ થયેલ બીજી અપીલ/ફરિયાદની સંખ્યા | |
|---|---|---|---|
| | | શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી | શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણી |
| 1 | 2021 | 8 | 15 |
| 2 | 2022 | 34 | 29 |
| 3 | 2023 | 35 | 18 |
| 4 | 2024 | 30 | 16 |
| 5 | 2025 | 3 | -- |
| | Total | 110 | 78 |

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીની અરજીની વિગતો જોતા, વિવાદી દ્વારા કાયદા વિભાગના તા.૨૦/૦૯/૨૦૨૩ના પત્ર અને NALSA, NEW DELHIના તા.૨૨/૦૭/૨૦૨૩ના મેઇલ સંબંધે વિવિધ માહિતીની માંગણી કરવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૦૭/૧૨/૨૦૨૩ના પત્રથી વિવાદીને અરજીના મુદ્દા ક્રમાંક-૩(૧) અને ૩(૨) સંબંધમાં માહિતી આપવામાં આવેલ છે. જ્યારે અરજીના મુદ્દા ક્રમાંક-૩(૩) અને ૩(૪) સંબંધમાં મદ્રાસ હાઇકોર્ટ દ્વારા W.P. No.20485/ 2012 માં તા.૧૭/૦૪/૨૦૧૩ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા-૫૯ને ધ્યાને લઇને માહિતી આપવા ઇન્કાર કરવામાં આવેલ છે.

પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા કરવામાં આવેલ વિગતવાર હુકમથી જાહેર માહિતી અધિકારીના નિર્ણયને યોગ્ય ઠરાવવામાં આવેલ છે. પ્રથમ અપીલ સત્તાધિકારીનો હુકમ સ્વયંસ્પષ્ટ હોવાથી, અત્રે તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી.

ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારીના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનું કોઇ વાજબી કારણ ઉપસ્થિત થતું ન હોવાથી, અપીલ "નામંજૂર" કરવામાં આવે છે.

વધુમાં, આયોગ પાસે ઉપલબ્ધ કાગળોમાં સેક્રેટરી, જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, ભુજ-કચ્છનો તા.૦૪/૧૧/૨૦૨૩નો હુકમ ઉપલબ્ધ છે. આ હુકમમાં નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવેલ છે:

"....અરજદાર જયોતિ કે રામાણી તરફે તારીખ ૨૫/૦૬/૨૩ અને ૧૨/૦૭/૨૩ અને ૧૮/૦૭/૨૦૨૩ ના રોજ રજૂ થયેલ અરજીઓ લગત હુકમ.

અરજીઓ તથા રેકર્ડ ધ્યાને લીધું

આ કામના અરજદારે હાલની અરજીઓ રજુ કરી પોતે સિનિયર સીટીજન મહિલા હોવાનું જણાવી અદાલતો અને પોલીસ દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચાર અને અન્યાય સામે લડત ચલાવતી હોવાનું જણાવી, તારીખ: ૦૧/૧૧/૨૦૨૧ ના રોજ ભુજ મુકામે ના.સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ શ્રી ઉદય ઉમેશ લલીત સાહેબની હાજરીમાં યોજાયેલ મેગા લીગલ સર્વિસિસ કેમ્પ પાન ઇન્ડિયા અવેરનેસ કાર્યક્રમ કે જેમાં ના.ન્યાયમૂર્તિ શ્રી એ ન્યાય વ્યવસ્થા સરળ બનાવી લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાની પહેલ કરેલી જે સંબંધી ન્યૂઝ પેપરમાં છપાયેલ અહેવાલ ધ્યાને આવતા આ કામના અરજદારે હાલની અરજીના મેમ્બર સેક્રેટરી સાહેબશ્રી, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદને સંબોધીને રજુ કરી ગાંધીધામ મુકામે

ચાલતા તેણીના કેસોમાં લીધેલ પગલાની દસ્તાવજી આધારો સહિત માંગણી કરેલ છે.

આ કામના અરજદારના કેસ ગાંધીધામની વિવિધ અદાલતોમાં ચાલતા હોય હાલની અરજીઓ લગત નિર્ણય કરવાની હકુમત અત્રેની ઓથોરીટીને હોય હાલની અરજીઓ અત્રેની ઓથોરીટી દ્વારા નિર્ણય સારૂ હાથ પર લેવામા આવે છે.

કચ્છ જિલ્લો એ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. કચ્છ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર રણ ગ્રામીણ અને અંતરિયાળ હોય, ગ્રામ્ય કક્ષાએ શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછુ છે અને તેથી અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વિવિધ સેવા સંગઠનો અને સંસ્થાઓની મદદથી અનેકવિધ સેવા પ્રવૃતિઓ કરવામાં આવે છે. તેમજ અવાર નવાર કાનૂની જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજી પ્રજાજનોને ખાસ કરીને કાનૂની સલાહ/સહાય અને સરકારી યોજનાઓના લાભો અને હકોથી વાકેફ કરવાનો પ્રયત્ન કરવામા આવે છે જેના ભાગરૂપે તા.૦૧/૧૧/૨૦૨૧ ના રોજ ભુજ મૂકામે મેગા લિગલ સર્વિસિસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ કામના અરજદાર અને તેમના પતિના કેસો કે જે ગાંધીધામ મૂકામે ચાલે છે તે કેસોમાં તેઓને ગાંધીધામ તાલુકા લિગલ સર્વિસિસ ઓથોરિટીની લિગલ પેનલમાંથી અને મફત કાનૂની સહાય પુરી પાડવામાં આવે છે. પરંતુ, આ કામના અરજદાર તેઓને ફાળવામાં આવેલ પેનલ વકીલો વિરુધ્ધ અવાર નવાર આક્ષેપો કરતી અને તેઓની સક્ષમતા સંબંધી અરજીઓ કરી રાખે છે

વધુમાં, અરજદાર તેમની અરજીઓમાં એવી માંગણીઓ કરે છે કે તેઓ સી.એમ.એચ.એમ.એન.ડી.પી.એમ. વગેરેને ટી.વી. ચેનલોમાં તેઓ સાથે ભ્રષ્ટાચાર સંબંધી જાહેર ચર્ચા કરવામાં માંગે છે.

આ કામના અરજદાર તેઓના કેસોમાં આગળની ઈન્સાફી કાર્યવાહી પૂર્ણ કરી ગુણદોષ પર કેસનો ન્યાય નિર્ણય કરવાને બદલે અવાર નવાર તદ્દન ખોટી અને ત્રાસદાયક અરજીઓ રજુ કરી ઇરાદાપૂર્વક તેઓના કેસોની કાર્યવાહી લંબાવે જાય છે. અરજદારને તેઓની અરજીઓના અનુસંધાને અત્રેની કચેરીએ રૂબરૂ હાજર રહેવા જાણ કર્યા છતા જાતે હાજર રહેલ નથી. આ કામના અરજદાર અવાર નવાર

કોઈ પણ જાતના વ્યાજબી કારણો વગર આવી અને આવા પ્રકારની અરજીઓ કરી પ્રક્રિયાનો દુરઉપયોગ કરી અદાલતોના કીમતી સમયનો વ્યય કરવા ટેવાયેલા છે જેના કારણે અગાઉના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રી પી એસ ગઢવી સાહેબે તારીખ : ૧૨/૦૮/૨૦૨૧ ના રોજ કચેરી આદેશા નં.બી/એડીએમ/૫૪૪૫/૨૦૨૧ થી હુકમ કરી અરજદાર અને તેમના પતિને બ્લેક લિસ્ટેડ કરેલ હતા

સબબ આ કામના અરજદારની હાલની અરજીઓ ગુણદોષ પર ટકવા ના હોય આથી ફાઈલ કરવામાં આવે છે.......”

આયોગ દ્વારા અગાઉ વિવાદી શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણીની અન્ય અપીલ નં.અ-૫૨૮૫-૨૦૨૨, અ-૫૩૫૪-૨૦૨૨, અ-૫૩૫૫-૨૦૨૨, અ-૫૩૬૦-૨૦૨૨માં તા.૨૪/૦૪/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હુકમના ફકરા નં. ૭ અને ૮માં નીચે મુજબ અવલોકનો અને નિર્ણય કરવામાં આવેલ છે:

“૭. વિવાદી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના જાણકાર હોવા છતાં એક જ વિષય બાબતે જુદી-જુદી નમૂના-ક ની અરજીઓ રાજ્યના જુદા-જુદા જાહેર સત્તામંડળોને તેમજ રાજ્ય સરકારના અધિકારીશ્રીઓ/ માન. મંત્રીશ્રીઓને તેમજ વિવિધ કોર્ટમાં અરજીઓ કરે અને જે-તે સત્તામંડળોએ સંબંધિત સત્તામંડળોને વિવાદીશ્રીની અરજી તબદીલ કરવી પડતી હોઇ કામગીરી બેવડાય છે તથા વિવાદીશ્રી આવા પત્રો/અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની માગણી કરતા રહે છે તેમજ વિવાદીશ્રી પ્રથમ અપીલ અરજી તેમજ બીજી અપીલ અરજી કે ફરિયાદ કરી તે અન્વયે યોજવામાં આવતી સુનાવણીમાં પોતાનો પક્ષ રાખવા હાજર રહેતા નથી પરંતુ તેમના દ્વારા કરવામાં આવતી લેખિત રજૂઆતમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇ ન હોય તેવી બાબતો (ટી.વી. ચર્ચા જેવી) ની રજૂઆતો કરે છે. વિવાદીશ્રી નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલમાં ઉલ્લેખ કરેલ બાબતોને સંબંધિત માહિતી માટે જુદા-જુદા અધિકારીઓને પત્રો લખી તેની સાથે સંકળાયેલ મુદ્દાઓ માટે રાજ્યના ગૃહ વિભાગ તેમજ કાયદા વિભાગ તેમજ આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લાની અદાલતોમાં માહિતી માગતી અરજીઓ કરવા ટેવાયેલ છે.

૮. ઉક્ત તમામ અવલોકનો ધ્યાને લેતાં આયોગ આદેશ કરે છે કે, આ હુકમની

તારીખ પછી વિવાદી શ્રીમતી જ્યોતિ પી. કેવલરામાણીની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇ હેઠળ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ – આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લા ન્યાયાલયોના તમામ જાહેર માહિતી અધિકારીઓને મળેલ નમૂના-ક ની અરજીઓમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી, અંજાર વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલમાં ઉલ્લેખ કરેલ બાબત સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ હોય તેવી બાબતે કોઇ પણ માહિતી માગવામાં આવે તો નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજાર વિભાગ, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલની વિગતો ધ્યાને લઇ વધારે કોઇ વિગતો કે વધારે કોઇ માહિતી આપવાની જરૂરિયાત નથી, તે પ્રમાણે વિવાદીશ્રીને જવાબ કરવાની આવા તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓને આયોગ દ્વારા છૂટ આપવામાં આવે છે તેમજ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ – આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લા ન્યાયાલયોના તમામ પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને પણ શ્રીમતી જ્યોતિ પી. કેવલરામાણીની પ્રથમ અપીલની કોઇ સુનાવણી રાખવાને બદલે નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજાર વિભાગ, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલનો હવાલો ટાંકી પ્રથમ અપીલનો નિર્ણય કરવાની આયોગ છૂટ આપે છે."

વધુમાં, વિવાદીના પતિશ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણીની અપીલ નં.અ-૪૦૧૪-૨૦૨૪ના કાગળોમાં ઉપલબ્ધ સભ્ય સચિવ/અપીલ અધિકારી, ગુજરાત કાનૂની સેવા સત્તામંડળના તા.૨૬/૧૨/૨૦૨૪ના પત્રથી આયોગ સમક્ષ નીચે મુજબની હકીકતો રજૂ કરવામાં આવેલ છે:

શ્રી પ્રિતમ જી. કેવલરામાણીએ આયોગની કચેરીને ઉદ્દેશીને લખેલ તારીખ ૩૦/૦૮/૨૦૨૪ ના પત્રની વિગતો વંચાણે લેતા, તેમાં ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી સામે (કે જેઓ ન્યાયિક અધિકારીઓ છે) કોઈપણ તથ્ય વગર, આધાર-પુરાવા વિનાના જુઠા અને ગંભીર પ્રકારના આક્ષેપ કરી, આયોગની કચેરીને પૂર્ણ રીતે ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હોય તેવું જણાઇ આવે છે. તેમજ, અરજદારે આયોગની કચેરી ખાતે દાખલ કરેલ બીજી અપીલની ફરિયાદના કારણોની વિગતમાં પણ ઉક્ત બાબતનું પુનરાવર્તન કરીને ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીઓને તેમની અરજીઓ મારફતે વારંવાર ટીવી

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

ચેનલ ઉપર ડિબેટ કરવા જણાવે છે. આ બાબત ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના કાર્યક્ષેત્ર બહારની હોય સદર બાબતે "માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫" હેઠળ કચેરી દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જેથી, અરજદારની વિસંગતતા ભરેલ વિગતોની પૂર્ણ રીતે નોંધ લેવા આયોગને વિનંતી કરવામાં આવેલ છે.

શ્રી પ્રિતમ જી. કેવલરામાણીની વિવિધ અરજીઓમાં એક સામાન્ય બાબત એ છે કે, તેઓ આધાર પુરાવા વિના સરકારી અધિકારીઓ સામે આરોપો કરે છે અને તેઓ જ માત્ર સાચા છે તેવું માનીને વિવિધ અધિકારીઓને ટીવી ચેનલ પર ડીબેટ માટે બિનજરૂરી આગ્રહ કરે છે. વધુમાં અરજદાર પાસે ઘણા બધા કાયદાકીય વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં તેમજ રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ/ જિલ્લા કાનુની સેવા સત્તામંડળ દ્વારા તેના કાર્યક્ષેત્રમાં આવતી જરૂરી સેવા તેઓને ઉપલબ્ધ કરાવેલ હોવા છતાં, તેઓ દૈનિક ધોરણે સામાન્ય અરજીઓ અથવા આર.ટી.આઇ. કાયદા હેઠળની અરજીઓ કરવા ટેવાયેલ છે અને આમ, તેઓ કચેરીઓનો કિમતી સમય બગાડે છે. જેની ગંભીરતાથી નોંધ લેવી ખૂબ જ જરૂરી છે.

ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના રેકર્ડ પરની તમામ વિગતો ધ્યાને લેતા, અરજદારશ્રી પ્રિતમ જી. કેવલરામાણી બાબતે આયોગને જણાવવું ખૂબજ જરૂરી જણાય છે કે, અરજદાર પ્રિતમ જી.કેવલરામાણીએ ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરી ખાતે, હાઇકોર્ટ કાનૂની સેવા સમિતિની કચેરી ખાતે, નામદાર ગુજરાત હાઇકોર્ટની કચેરી ખાતે તેમજ અન્ય કચેરી ખાતે પણ અવારનવાર વિવિધ પ્રકારની અન્ય બાબતોને લગતી અરજીઓ કરવા અને ત્યારબાદ તેઓ દ્વારા આવી અરજીઓ ઉપર કચેરી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી માગતી અરજી "માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫" હેઠળ કરવા ટેવાયેલા હોવાનું સ્પષ્ટ થાય છે, કે જેનાથી કચેરીના કિમતી સમય અને નાણાંની ખૂબ જ દૂરવ્યય થાય છે.

અરજદાર દ્વારા અગાઉ પણ ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરી ખાતે ઇ-મેઇલ મારફતે/લેખિતમાં દાખલ કરવામાં આવતી જુદી જુદી તારીખોની ઘણી બધી અરજીઓમાં કે જે અન્ય કચેરી કે કોર્ટની હુકુમતને લગતી વિગતો દર્શાવવામાં આવતી હોય છે કે જે ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના કાર્યક્ષેત્રના બહારની બાબત હોય છે તેમ છતાં સભ્ય સચિવ/અપીલ અધિકારી, ગુજરાત કાનૂની સેવા સત્તામંડળ દ્વારા એક ન્યાયિક અધિકારી તરીકે વિવાદીને મદદરૂપ થવા સારું

કચેરીના ઈ-મેઈલ મારફતે/નાલ્સાના ઓનલાઇન પોર્ટલ મારફતે વિવાદીની અરજીઓને તેનું કાર્યક્ષેત્ર ધરાવતી કચેરી/કોર્ટ ખાતે યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવતી હોય છે. તેમ છતાં પણ વિવાદી દ્વારા આવી અરજીઓની માહિતી બાબતે "માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫" હેઠળ જે તે કચેરી/જાહેર સત્તામંડળનો સંપર્ક સાધવાને બદલે ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરી ખાતે સદર અરજીઓની માહિતી મેળવવા માટેની આર.ટી.આઈ. અરજીઓ અને તેને લગતી પ્રથમ અપીલો દાખલ કરવામાં આવે છે અને તેમાં પણ વિવાદી દ્વારા દર્શાવવામાં આવતી તારીખો, સંદર્ભિત પત્રો, બિડાણો, સંબંધિત જાહેર માહિતી અધિકારીની વિગતો વિગેરેમાં ખૂબ જ વિસંગતતા દર્શાવીને કચેરીના કિમતી સમયમાં હસ્તક્ષેપની સાથે કચેરીના કામકાજમાં વિઘ્નો ઉભા કરી, કચેરીના કામકાજમાં વિક્ષેપ ઉભો કરવામાં આવે છે. વધુમાં અરજદાર દ્વારા તેમની દાખલ અરજીઓમાં અવાર નવાર અન્ય કચેરીઓને લગતી રજૂઆતો કરી, તે કચેરીના ન્યાયિક અધિકારી સામે વિવિધ પ્રકારના આધાર પુરાવા વગરના બીન જરૂરી ગંભીર આક્ષેપો પણ કરતાં હોવાનું ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના ધ્યાને આવેલ છે. જે એક ખૂબજ ગંભીર બાબત હોય આ બાબતને તેમજ ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરી દ્વારા દર્શાવવામાં આવેલ ઉક્ત તમામ હકીકતોને ધ્યાને લઈ આં અંગે માહિતી આયોગની કચેરી તરફથી અરજદારની દાખલ આનુષાંગિક બીજી અપીલો અંગે પણ જરૂરી હુકમ કરવા આયોગને વિનંતી કરવામાં આવે છે.

આ ઉપરાંત વિવાદીના પતિ શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણીની અન્ય અપીલ ક્રં. અ-૪૭૬૯-૨૦૨૨, અ-૫૧૧૦-૨૦૨૨, અ-૫૩૫૯-૨૦૨૨માં આયોગ દ્વારા તા.૨૪/૦૪/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હુકમમાં નીચે મુજબ અવલોકનો અને નિર્ણય કરવામાં આવેલ છે:

"વિવાદીશ્રી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના જાણકાર હોવા છતાં એક જ વિષય બાબતે જુદી-જુદી નમૂના-ક ની અરજીઓ રાજ્યના જુદા-જુદા જાહેર સત્તામંડળોને તેમજ રાજ્ય સરકારના અધિકારીશ્રીઓ/ માન. મંત્રીશ્રીઓને તેમજ વિવિધ કોર્ટમાં અરજીઓ કરે અને જે-તે સત્તામંડળોએ સંબંધિત સત્તામંડળોને વિવાદીશ્રીની અરજી તબદીલ કરવી પડતી હોઇ કામગીરી બેવડાય છે તથા વિવાદીશ્રી આવા પત્રો/અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની માગણી કરતા રહે છે તેમજ વિવાદીશ્રી પ્રથમ અપીલ અરજી તેમજ બીજી અપીલ અરજી કે ફરિયાદ કરી તે

અન્વયે યોજવામાં આવતી સુનાવણીમાં પોતાનો પક્ષ રાખવા હાજર રહેતા નથી પરંતુ તેમના દ્વારા કરવામાં આવતી લેખિત રજૂઆતમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇ ન હોય તેવી બાબતો (ટી.વી. ચર્ચા જેવી) ની રજૂઆતો કરે છે. વિવાદીશ્રી નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલમાં ઉલ્લેખ કરેલ બાબતોને સંબંધિત માહિતી માટે જુદા-જુદા અધિકારીઓને પત્રો લખી તેની સાથે સંકળાયેલ મુદ્દાઓ માટે રાજ્યના ગૃહ વિભાગ તેમજ કાયદા વિભાગ તેમજ આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લાની અદાલતોમાં માહિતી માગતી અરજીઓ કરવા ટેવાયેલ છે.

ઉક્ત તમામ અવલોકનો ધ્યાને લેતાં આયોગ આદેશ કરે છે કે, આ હુકમની તારીખ પછી વિવાદીશ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણીની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇ હેઠળ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ – આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લા ન્યાયાલયોના તમામ જાહેર માહિતી અધિકારીઓને મળેલ નમૂના-ક ની અરજીઓમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી, અંજાર વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલમાં ઉલ્લેખ કરેલ બાબત સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ હોય તેવી બાબતે કોઇ પણ માહિતી માગવામાં આવે તો નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજાર વિભાગ, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલની વિગતો ધ્યાને લઇ વધારે કોઇ વિગતો કે વધારે કોઇ માહિતી આપવાની જરૂરિયાત નથી, તે પ્રમાણે વિવાદીશ્રીને જવાબ કરવાની આવા તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓને આયોગ દ્વારા છૂટ આપવામાં આવે છે તેમજ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ – આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લા ન્યાયાલયોના તમામ પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને પણ શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણીની પ્રથમ અપીલની કોઇ સુનાવણી રાખવાને બદલે નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજાર વિભાગ, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલનો હવાલો ટાંકી પ્રથમ અપીલનો નિર્ણય કરવાની આયોગ છૂટ આપે છે."

આયોગ દ્વારા તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૨૫/૦૨/૨૦૨૫ના રોજ વિવાદી શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણી અને તેઓના પતિ શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણીની અનુક્રમે <u>૧૪</u> અને <u>૨૦</u> મળી કુલ <u>૩૪</u> બીજી અપીલ અને આજરોજ આ બન્ને વિવાદીઓની કુલ ૫(પાંચ) બીજી અપીલની સુનાવણી કરવામાં આવેલ છે.

આ તમામ અપીલોમાં પણ વિવાદી શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણી તેમજ તેઓના પતિ શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી દ્વારા આજ પ્રકારની વર્તણૂંક(માહિતીની માંગણી) કરવામાં આવેલ છે. આથી, ગુજરાત કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કરવામાં આવેલ રજૂઆતમાં તથ્ય રહેલું છે.

આ ઉપરાંત આયોગને સ્પષ્ટપણે જણાયું છે કે, ઉક્ત બન્ને વ્યક્તિ(વિવાદી) દ્વારા સૌ પ્રથમ રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, રાજ્યની હાઇકોર્ટ અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો સહિતના વિવિધ ઉચ્ચ પદાધિકારી/અધિકારીને સૌ પ્રથમ અરજી કરવામાં આવે છે. આવી અરજીઓ પરત્વે જે તે કચેરી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીથી વિવાદીઓને વાકેફ કરવામાં આવતા હોવા છતાં, તેઓ દ્વારા ત્યારબાદ તે અરજી સંદર્ભે થયેલ કાર્યવાહીની માહિતી મેળવવા માટે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવે છે. અરજીમાં પુરાવા સિવાય આક્ષેપો કરવામાં આવે છે અને ટી.વી. ડિબેટમાં ભાગ લેવા માટે રજૂઆત કરવામાં આવે છે.

ઉક્ત વિગતે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મળેલ અધિકારનો વિવાદી દ્વારા વિવેકપૂર્ણ રીતે ઉપયોગ કરવામાં આવે તે હેતુસર મર્યાદિત સંખ્યામાં અરજીઓ કરવા માટે વિવાદીને ફરજ પાડવી આયોગને અનિવાર્ય જણાયું છે. આ હેતુસર આયોગ દ્વારા નીચેની બાબતો ધ્યાને લેવામાં આવેલ છે:

(૧) વિવાદી શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણી અને તેઓના પતિ શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી દ્વારા વિશાળ સંખ્યામાં બિન જરૂરી રીતે અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીને કારણે અનેક જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે.

(૨) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૭માં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૭ની વિગતો નીચે મુજબ છે.

"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool to obstruct the national development and integration, or to destroy the peace, tranquillity and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing 'information furnishing', at the cost of their normal and regular duties."

**(૩) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ (The Institute of Chartered Accountants of India Vs.Shaunak H. Satya &Ors)ના રોજ આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે:**

" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1)(b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."

ઉપરોકત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં

જોઇએ.

(૪) હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા W.P(C) No.845/2014માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."

(૫) વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓ અન્વયે તેઓને પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાનું આયોગને જણાય છે અને વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનુ ચાલુ રાખવામાં આવેલ છે. આમ છતાં, વિવાદીનો અંતરઆત્મા જાગૃત થશે અને તેઓ વાજબી અધિકારને સમજીને, યોગ્ય રીતે અરજી કરશે અને કરવામાં આવતી અરજીઓની સંખ્યામાં ઘટાડો કરશે તેવી આશા સાથે આયોગ દ્વારા સંયમપૂર્વક અને ઉદારતાપૂર્વક વિવાદીની સંખ્યાબંધ અપીલોની સુનાવણી કરી, હુકમો કરવામાં આવેલ છે.

(૬) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

(૭) અધિનિયમના આમુખમાં દર્શાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં:

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૮) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

(૯) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઇ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરૂદ્ધ વિવાદી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "ડીસમીસ્ડ" કરવામાં આવેલ છે.

(૧૦) નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિધ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને અનિવાર્ય જણાય છે.

(૧૧) આવા સંજોગોમાં વિવાદી દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને જરૂરી જણાયું છે અને તેથી ઉદારતાપૂર્વક આયોગ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૧૨(બાર) નમૂના-"ક" ની અરજીઓને પ્રસ્તુત અપીલના વિવાદીના કિસ્સામાં પ્રમાણસર ગણવામાં આવે છે. રાજ્યના તમામ નાગરિકો દ્વારા જો ૧૨(બાર) અરજીઓ કરવામાં આવે તો પણ વહીવટી તંત્ર ખોરવાઇ જાય। આમ છતાં, તમામ નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવતી નહીં હોવાથી તથા અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઇને, વિવાદી દ્વારા પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ વધુ જણાતી હોવા છતાં, આયોગ દ્વારા હાલના તબક્કે વિવાદીના કિસ્સામાં પ્રતિ કેલેન્ડર વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ ઉદારતાપૂર્વક પ્રમાણસર ગણવામાં આવે છે.

<u>ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો</u>

આપવામાં આવે છે:

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૧૨(બાર) અરજીઓ કરી શકશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં. અ-૦૭૮૬-૨૦૨૪માં તા.૦૪/૦૩/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૧૨(બાર) પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક .......... છે." આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૧૨(બાર) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૧૨(બાર) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

સચિવ, ગુજરાત માહિતી આયોગને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

રજીસ્ટ્રાર, ગુજરાત માહિતી આયોગને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૧૨(બાર) થી વધુ અરજી કરવામાં આવી હોય તો,

૧૨(બાર) થી વધુ અરજીઓ સંબંધમાં તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

આયોગના પ્રસ્તુત હુકમની નકલ આયોગના સચિવ અને રજીસ્ટ્રારને આપવામાં આવે.

ઉક્ત હુકમો અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

મુકાબલ કરનાર

કાયદા અધિકારી
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

પ્રમાણિત કરનાર

નાયબ સચિવ
ગુજરાત માહિતી આયોગ
ગાંધીનગર

ગુજરાત માહિતી આયોગ,
કર્મયોગી ભવન, બ્લોક નં. ૧, બીજો માળ,
સેકટર-૧૦-એ, ગાંધીનગર
માહિતીનો અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની કલમ-૧૯ હેઠળ અપીલ બાબત.
અપીલ નં.- અ-૪૦૧૪-૨૦૨૪

વિવાદી : શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી
રહે.૪૩,આમ્રકદમ બંગ્લોઝ,
રામદેવનગર,સેટેલાઇટ,
અમદાવાદ - ૩૮૦૦૧૫

વિરુધ્ધ

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી
ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી
૩જો માળ, જી.એસ.એલ.એસ.એ બિલ્ડીંગ,
ગુજરાત હાઇકોર્ટ પોસ્ટ ઓફીસ પાસે,
ગુજરાત હાઇકોર્ટ કેમ્પસ, સોલા,
અમદાવાદ - ૩૮૦૦૬૦

(૨) અપીલ સત્તાધિકારી
સભ્ય સચિવ
ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી
૩જો માળ, જી.એસ.એલ.એસ.એ બિલ્ડીંગ,
ગુજરાત હાઇકોર્ટ પોસ્ટ ઓફીસ પાસે,
ગુજરાત હાઇકોર્ટ કેમ્પસ, સોલા,
અમદાવાદ - ૩૮૦૦૬૦

તા. ૫/૩/૨૦૨૫
ડૉ. સુભાષ સોની,
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત રાજ્ય સમક્ષ

(૧) સુનાવણીની તારીખ : ૦૪/૦૩/૨૦૨૫

(૨) સુનાવણી માટેનું સ્થળ : ગુજરાત માહિતી આયોગ

(૩) <u>આયોગ સમક્ષ રજૂ થયેલ કાગળોની વિગત:-</u>

| ક્રમ | વિગત | : | તારીખ |
|---|---|---|---|
| (i) | નમૂના-કની અરજી | : | ૧૪/૦૩/૨૦૨૪ |
| (ii) | તબદીલી પત્ર | : | -- |
| (iii) | જાહેર માહિતી અધિકારીનો પ્રત્યુત્તર | : | ૦૩/૦૪/૨૦૨૪ |
| (iv) | પ્રથમ અપીલ | : | ૨૦/૦૫/૨૦૨૪ |
| (v) | પ્રથમ અપીલ અધિકારીનો હુકમ | : | ૨૪/૦૬/૨૦૨૪ |
| (vi) | બીજી અપીલ | : | ૩૦/૦૮/૨૦૨૪ |
| (vii) | વિવાદીની રજૂઆત | : | -- |
| (viii) | જાહેર માહિતી અધિકારીનો અહેવાલ | : | ૧૪/૦૨/૨૦૨૫ |
| (ix) | પ્રથમ અપીલ અધિકારીનો અહેવાલ | : | ૨૬/૧૨/૨૦૨૪<br>૧૪/૦૨/૨૦૨૫ |

(૪) <u>સુનાવણીમાં ઉપસ્થિત પક્ષકારો:-</u>

વિવાદી : શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી ઉપસ્થિત રહેલ નથી.

પ્રતિવિવાદી : (૧) જાહેર માહિતી અધિકારી અને ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી, જી.એસ.એલ.એસ.એ બિલ્ડીંગ, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ઉપસ્થિત રહેલ નથી.

(૨) પ્રથમ અપીલ સત્તાધિકારી અને સભ્ય સચિવ, ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસ ઓથોરિટી, જી.એસ.એલ.એસ.એ બિલ્ડીંગ, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ ઉપસ્થિત રહેલ નથી.

(૫) <u>આયોગ સમક્ષ રજૂ થયેલ વિવાદીની બીજી અપીલની ટૂંકી વિગતો:-</u>

જાહેર માહિતી અધિકારીએ અયોગ્ય અને ગેરમાર્ગે દોરતો પ્રત્યુત્તર આપેલ છે. પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા યોગ્ય હુકમ કરવામાં આવેલ નથી. આથી, માંગણી

મુજબની માહિતી અપાવવા રજૂઆત કરેલ છે.

(૬) આયોગ સમક્ષ સુનાવણી અને હુકમ:-

વિવાદી સુનાવણીમાં ઉપસ્થિત રહેલ નથી. આયોગને અનુભવે જણાયું છે કે, વિવાદી તેઓની બીજી અપીલની સુનાવણીમાં ક્યારેય ઉપસ્થિત રહેતા નથી.

આયોગ સમક્ષ રજૂ થયેલ માહિતી અનુસાર, વિવાદી શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી અને તેઓના પત્ની શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણી દ્વારા આયોગ સમક્ષ છેલ્લા પાંચ વર્ષમાં, વર્ષવાર નીચે મુજબની બીજી અપીલ/ફરિયાદ રજૂ કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | આયોગમાં રજૂ થયેલ બીજી અપીલ/ફરિયાદની સંખ્યા | |
|---|---|---|---|
| | | શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી | શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણી |
| 1 | 2021 | 8 | 15 |
| 2 | 2022 | 34 | 29 |
| 3 | 2023 | 35 | 18 |
| 4 | 2024 | 30 | 16 |
| 5 | 2025 | 3 | -- |
| | Total | 110 | 78 |

આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીની અરજીની વિગતો જોતા, વિવાદી દ્વારા તેઓની અરજીમાં ઉલ્લેખ કરેલ તા.૨૭/૦૨/૨૦૨૪ના પત્ર પરત્વે કરવામાં આવેલ કાર્યવાહીની માહિતી માંગવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી દ્વારા તા.૦૩/૦૪/૨૦૨૪ના પત્રથી વિવાદીને જણાવવામાં આવેલ છે કે, તેઓની માહિતી અધિકાર અધિનિયમ હેઠળની અરજીમાં દર્શાવેલ કાયદા વિભાગના તા.૨૭/૦૨/૨૦૨૪ના પત્ર સંબંધમાં તેઓની કચેરીના તા.૨૮/૦૩/૨૦૨૪ના પત્રથી કાયદા વિભાગને પાઠવવામાં આવેલ જવાબની નકલ તેઓને મોકલી આપવામાં આવેલ હોવા છતાં, પુન:તેઓને નકલ મોકલી

આપવામાં આવેલ છે.

પ્રથમ અપીલ સત્તાધિકારી દ્વારા તા.૨૪/૦૬/૨૦૨૪ના વિગતવાર અને સ્વયંસ્પષ્ટ હુકમથી પ્રથમ અપીલ "રદ" કરવામાં આવેલ છે.

<u>ઉક્ત વિગતે જાહેર માહિતી અધિકારી અને પ્રથમ અપીલ સત્તાધિકારીના નિર્ણયમાં હસ્તક્ષેપ કરવાનું કોઇ વાજબી કારણ ઉપસ્થિત થતું ન હોવાથી, અપીલ "નામંજૂર" કરવામાં આવે છે.</u>

વધુમાં, સભ્ય સચિવ/અપીલ અધિકારી, ગુજરાત કાનૂની સેવા સત્તામંડળના તા.૨૬/૧૨/૨૦૨૪ના પત્રથી આયોગ સમક્ષ નીચે મુજબની હકીકતો રજૂ કરવામાં આવેલ છે:

શ્રી પ્રિતમ જી. કેવલરામાણીએ આયોગની કચેરીને ઉદ્દેશીને લખેલ તારીખ ૩૦/૦૮/૨૦૨૪ ના પત્રની વિગતો વંચાણે લેતા, તેમાં ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારી સામે (કે જેઓ ન્યાયિક અધિકારીઓ છે) કોઈપણ તથ્ય વગર, આધાર-પુરાવા વિનાના જુઠા અને ગંભીર પ્રકારના આક્ષેપ કરી, આયોગની કચેરીને પૂર્ણ રીતે ગેરમાર્ગે દોરવાનો પ્રયત્ન કરેલ હોય તેવું જણાઈ આવે છે. તેમજ, અરજદારે આયોગની કચેરી ખાતે દાખલ કરેલ બીજી અપીલની ફરિયાદના કારણોની વિગતમાં પણ ઉક્ત બાબતનું પુનરાવર્તન કરીને ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીઓને તેમની અરજીઓ મારફતે વારંવાર ટીવી ચેનલ ઉપર ડિબેટ કરવા જણાવે છે. આ બાબત ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના કાર્યક્ષેત્ર બહારની હોય સદર બાબતે "માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫" હેઠળ કચેરી દ્વારા કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. જેથી, અરજદારની વિસંગતતા ભરેલ વિગતીની પૂર્ણ રીતે નોંધ લેવા આયોગને વિનંતી કરવામાં આવેલ છે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

શ્રી પ્રિતમ જી. કેવલરામાણીની વિવિધ અરજીઓમાં એક સામાન્ય બાબત એ છે કે, તેઓ આધાર પુરાવા વિના સરકારી અધિકારીઓ સામે આરોપો કરે છે અને તેઓ જ માત્ર સાચા છે તેવું માનીને વિવિધ અધિકારીઓને ટીવી ચેનલ પર ડીબેટ માટે બિનજરૂરી આગ્રહ કરે છે. વધુમાં અરજદાર પાસે ઘણા બધા કાયદાકીય

વિકલ્પો ઉપલબ્ધ હોવા છતાં તેમજ રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ/ જિલ્લા કાનુની સેવા સત્તામંડળ દ્વારા તેના કાર્યક્ષેત્રમાં આવતી જરૂરી સેવા તેઓને ઉપલબ્ધ કરાવેલ હોવા છતાં, તેઓ દૈનિક ધોરણે સામાન્ય અરજીઓ અથવા આર.ટી.આઇ. કાયદા હેઠળની અરજીઓ કરવા ટેવાયેલ છે અને આમ, તેઓ કચેરીઓનો કિમતી સમય બગાડે છે. જેની ગંભીરતાથી નોંધ લેવી ખૂબ જ જરૂરી છે.

ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના રેકર્ડ પરની તમામ વિગતો ધ્યાને લેતા, અરજદારશ્રી પ્રિતમ જી. કેવલરામાણી બાબતે આયોગને જણાવવું ખૂબજ જરૂરી જણાય છે કે, અરજદાર પ્રિતમ જી.કેવલરામાણીએ ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરી ખાતે, હાઇકોર્ટ કાનૂની સેવા સમિતિની કચેરી ખાતે, નામદાર ગુજરાત હાઇકોર્ટની કચેરી ખાતે તેમજ અન્ય કચેરી ખાતે પણ અવારનવાર વિવિધ પ્રકારની અન્ય બાબતોને લગતી અરજીઓ કરવા અને ત્યારબાદ તેઓ દ્વારા આવી અરજીઓ ઉપર કચેરી દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી તેની માહિતી માગતી અરજી "માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫" હેઠળ કરવા ટેવાયેલા હોવાનું સ્પષ્ટ થાય છે, કે જેનાથી કચેરીના કીમતી સમય અને નાણાંની ખૂબ જ દૂરવ્યય થાય છે.

અરજદાર દ્વારા અગાઉ પણ ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરી ખાતે ઈ-મેઈલ મારફતે/લેખિતમાં દાખલ કરવામાં આવતી જુદી જુદી તારીખોની ઘણી બધી અરજીઓમાં કે જે અન્ય કચેરી કે કોર્ટની હુકુમતને લગતી વિગતો દર્શાવવામાં આવતી હોય છે કે જે ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના કાર્યક્ષેત્રના બહારની બાબત હોય છે તેમ છતાં સભ્ય સચિવ/અપીલ અધિકારી, ગુજરાત કાનૂની સેવા સત્તામંડળ દ્વારા એક ન્યાયિક અધિકારી તરીકે વિવાદીને મદદરૂપ થવા સારું કચેરીના ઈ-મેઈલ મારફતે/નાલ્સાના ઓનલાઈન પોર્ટલ મારફતે વિવાદીની અરજીઓને તેનું કાર્યક્ષેત્ર ધરાવતી કચેરી/કોર્ટ ખાતે યોગ્ય કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવતી હોય છે. તેમ છતાં પણ વિવાદી દ્વારા આવી અરજીઓની માહિતી બાબતે "માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫" હેઠળ જે તે કચેરી/જાહેર સત્તામંડળનો સંપર્ક સાધવાને બદલે ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરી ખાતે સદર અરજીઓની માહિતી મેળવવા માટેની આર.ટી.આઇ. અરજીઓ અને તેને લગતી પ્રથમ અપીલો દાખલ કરવામાં આવે છે અને તેમાં પણ વિવાદી દ્વારા દર્શાવવામાં આવતી તારીખો, સંદર્ભિત પત્રો, બિડાણો, સંબંધિત જાહેર માહિતી અધિકારીની વિગતો વિગેરેમાં ખૂબ જ વિસંગતતા દર્શાવીને કચેરીના કિમતી સમયમાં હસ્તક્ષેપની સાથે કચેરીના કામકાજમાં વિઘ્નો ઉભા કરી, કચેરીના

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

કામકાજમાં વિક્ષેપ ઉભો કરવામાં આવે છે. વધુમાં અરજદાર દ્વારા તેમની દાખલ અરજીઓમાં અવાર નવાર અન્ય કચેરીઓને લગતી રજૂઆતો કરી, તે કચેરીના ન્યાયિક અધિકારી સામે વિવિધ પ્રકારના આધાર પુરાવા વગરના બીન જરૂરી ગંભીર આક્ષેપો પણ કરતાં હોવાનું ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરીના ધ્યાને આવેલ છે. જે એક ખૂબજ ગંભીર બાબત હોય આ બાબતને તેમજ ગુજરાત કાનૂની સેવા સત્તામંડળની કચેરી દ્વારા દર્શાવવામાં આવેલ ઉક્ત તમામ હકીકતોને ધ્યાને લઈ આ અંગે માહિતી આયોગની કચેરી તરફથી અરજદારની દાખલ આનુષાંગિક બીજી અપીલો અંગે પણ જરૂરી હુકમ કરવા આયોગને વિનંતી કરવામાં આવે છે.

આ ઉપરાંત વિવાદીની અન્ય અપીલ નં. અ-૪૭૬૯-૨૦૨૨, અ-૫૧૧૦-૨૦૨૨, અ-૫૩૫૯-૨૦૨૨માં આયોગ દ્વારા તા.૨૪/૦૪/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હુકમમાં નીચે મુજબ અવલોકનો અને નિર્ણય કરવામાં આવેલ છે:

"વિવાદીશ્રી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના જાણકાર હોવા છતાં એક જ વિષય બાબતે જુદી-જુદી નમૂના-ક ની અરજીઓ રાજ્યના જુદા-જુદા જાહેર સત્તામંડળોને તેમજ રાજ્ય સરકારના અધિકારીશ્રીઓ/ માન. મંત્રીશ્રીઓને તેમજ વિવિધ કોર્ટમાં અરજીઓ કરે અને જે-તે સત્તામંડળોએ સંબંધિત સત્તામંડળોને વિવાદીશ્રીની અરજી તબદીલ કરવી પડતી હોઇ કામગીરી બેવડાય છે તથા વિવાદીશ્રી આવા પત્રો/અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની માગણી કરતા રહે છે તેમજ વિવાદીશ્રી પ્રથમ અપીલ અરજી તેમજ બીજી અપીલ અરજી કે ફરિયાદ કરી તે અન્વયે યોજવામાં આવતી સુનાવણીમાં પોતાનો પક્ષ રાખવા હાજર રહેતા નથી પરંતુ તેમના દ્વારા કરવામાં આવતી લેખિત રજૂઆતમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇ ન હોય તેવી બાબતો (ટી.વી. ચર્ચા જેવી) ની રજૂઆતો કરે છે. વિવાદીશ્રી નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલમાં ઉલ્લેખ કરેલ બાબતોને સંબંધિત માહિતી માટે જુદા-જુદા અધિકારીઓને પત્રો લખી તેની સાથે સંકળાયેલ મુદ્દાઓ માટે રાજ્યના ગૃહ વિભાગ તેમજ કાયદા વિભાગ તેમજ આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લાની અદાલતોમાં માહિતી માગતી અરજીઓ કરવા ટેવાયેલ છે.

ગુજરાત માહિતી આયોગ

ઉક્ત તમામ અવલોકનો ધ્યાને લેતાં આયોગ આદેશ કરે છે કે, આ હુકમની તારીખ પછી વિવાદીશ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણીની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇ હેઠળ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ – આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લા ન્યાયાલયોના તમામ જાહેર માહિતી અધિકારીઓને મળેલ નમૂના-ક ની અરજીઓમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી, અંજાર વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલમાં ઉલ્લેખ કરેલ બાબત સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ હોય તેવી બાબતે કોઇ પણ માહિતી માગવામાં આવે તો નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજાર વિભાગ, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલની વિગતો ધ્યાને લઇ વધારે કોઇ વિગતો કે વધારે કોઇ માહિતી આપવાની જરૂરિયાત નથી, તે પ્રમાણે વિવાદીશ્રીને જવાબ કરવાની આવા તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓને આયોગ દ્વારા છૂટ આપવામાં આવે છે તેમજ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ – આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લા ન્યાયાલયોના તમામ પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને પણ શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણીની પ્રથમ અપીલની કોઇ સુનાવણી રાખવાને બદલે નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજાર વિભાગ, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલનો હવાલો ટાંકી પ્રથમ અપીલનો નિર્ણય કરવાની આયોગ છૂટ આપે છે."

વધુમાં, આયોગ પાસે ઉપલબ્ધ વિવાદીના પત્ની શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણીની અપીલ નં. અ-૦૭૮૬-૨૦૨૪ ના કાગળોમાં સેક્રેટરી, જિલ્લા કાનુની સેવા સત્તામંડળ, ભુજ-કચ્છનો તા.૦૪/૧૧/૨૦૨૩નો હુકમ ઉપલબ્ધ છે. આ હુકમમાં નીચે મુજબની વિગતો દર્શાવવામાં આવેલ છે:

"......અરજદાર જયોતિ-કે-રામાણી તરફે તારીખ ૨૫/૦૬/૨૩ અને ૧૨/૦૭/૨૩ અને ૧૮/૦૭/૨૦૨૩ ના રોજ રજૂ થયેલ અરજીઓ લગત હુકમ.

અરજીઓ તથા રેકર્ડ ધ્યાને લીધું

આ કામના અરજદારે હાલની અરજીઓ રજુ કરી પોતે સિનિયર સીટીઝન મહિલા હોવાનું જણાવી અદાલતો અને પોલીસ દ્વારા આચરવામાં આવતા ભ્રષ્ટાચાર અને અન્યાય સામે લડત ચલાવતી હોવાનું જણાવી, તારીખ: ૦૧/૧૧/૨૦૨૧ ના રોજ ભુજ મુકામે ના.સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ શ્રી ઉદય ઉમેશ લલીત સાહેબની

હાજરીમાં યોજાયેલ મેગા લીગલ સર્વિસિસ કેમ્પ પાન ઇન્ડિયા અવેરનેસ કાર્યક્રમ કે જેમાં ના.ન્યાયમૂર્તિ શ્રી એ ન્યાય વ્યવસ્થા સરળ બનાવી લોકોને તેમના અધિકારો પ્રત્યે જાગૃત કરવાની પહેલ કરેલી જે સંબંધી ન્યૂઝ પેપરમાં છપાયેલ અહેવાલ ધ્યાને આવતા આ કામના અરજદારે હાલની અરજીના મેમ્બર સેક્રેટરી સાહેબશ્રી, ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદને સંબોધીને રજુ કરી ગાંધીધામ મુકામે ચાલતા તેણીના કેસોમાં લીધેલ પગલાની દસ્તાવજી આધારો સહિત માંગણી કરેલ છે.

આ કામના અરજદારના કેસ ગાંધીધામની વિવિધ અદાલતોમાં ચાલતા હોય હાલની અરજીઓ લગત નિર્ણય કરવાની હકુમત અત્રેની ઓથોરીટીને હોય હાલની અરજીઓ અત્રેની ઓથોરીટી દ્વારા નિર્ણય સારૂ હાથ પર લેવામા આવે છે.

કચ્છ જિલ્લો એ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો છે. કચ્છ જિલ્લાનો મોટાભાગનો વિસ્તાર રણ ગ્રામીણ અને અંતરિયાળ હોય, ગ્રામ્ય કક્ષાએ શિક્ષણનું પ્રમાણ ખૂબ જ ઓછુ છે અને તેથી અત્રેની જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા વિવિધ સેવા સંગઠનો અને સંસ્થાઓની મદદથી અનેકવિધ સેવા પ્રવૃતિઓ કરવામાં આવે છે. તેમજ અવાર નવાર કાનૂની જાગૃતિ અંગેના કાર્યક્રમો યોજી પ્રજાજનોને ખાસ કરીને કાનૂની સલાહ/સહાય અને સરકારી યોજનાઓના લાભો અને હકોથી વાકેફ કરવાનો પ્રયત્ન કરવામા આવે છે જેના ભાગરૂપે તા.૦૧/૧૧/૨૦૨૧ ના રોજ ભુજ મૂકામે મેગા લિગલ સર્વિસિસ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ કામના અરજદાર અને તેમના પતિના કેસો કે જે ગાંધીધામ મૂકામે ચાલે છે તે કેસોમાં તેઓને ગાંધીધામ તાલુકા લિગલ સર્વિસિસ ઓથોરિટીની લિગલ પેનલમાંથી અને મફત કાનૂની સહાય પુરી પાડવામાં આવે છે. પરંતુ, આ કામના અરજદાર તેઓને ફાળવામાં આવેલ પેનલ વકીલો વિરુધ્ધ અવાર નવાર આક્ષેપી કરતી અને તેઓની સક્ષમતા સંબંધી અરજીઓ કરી રાખે છે

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

વધુમાં, અરજદાર તેમની અરજીઓમાં એવી માંગણીઓ કરે છે કે તેઓ સી.એમ.એચ.એમ.એન.ડી.પી.એમ. વગેરેને ટી.વી. ચેનલોમાં તેઓ સાથે ભ્રષ્ટાચાર સંબંધી જાહેર ચર્ચા કરવામાં માંગે છે.

આ કામના અરજદાર તેઓના કેસોમાં આગળની ઈન્સાફી કાર્યવાહી પૂર્ણ કરી ગુણદોષ પર કેસનો ન્યાય નિર્ણય કરવાને બદલે અવાર નવાર તદ્દન ખોટી અને ત્રાસદાયક અરજીઓ રજુ કરી ઇરાદાપૂર્વક તેઓના કેસોની કાર્યવાહી લંબાવે જાય છે. અરજદારને તેઓની અરજીઓના અનુસંધાને અત્રેની કચેરીએ રૂબરૂ હાજર રહેવા જાણ કર્યા છતા જાતે હાજર રહેલ નથી. આ કામના અરજદાર અવાર નવાર કોઈ પણ જાતના વ્યાજબી કારણો વગર આવી અને આવા પ્રકારની અરજીઓ કરી પ્રક્રિયાનો દુરઉપયોગ કરી અદાલતોના કીમતી સમયનો વ્યય કરવા ટેવાયેલા છે જેના કારણે અગાઉના પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ સાહેબશ્રી પી એસ ગઢવી સાહેબે તારીખ : ૧૨/૦૮/૨૦૨૧ ના રોજ કચેરી આદેશા નં.બી/એડીએમ/૫૪૪૫/૨૦૨૧ થી હુકમ કરી અરજદાર અને તેમના પતિને બ્લેક લિસ્ટેડ કરેલ હતા

સબબ આ કામના અરજદારની હાલની અરજીઓ ગુણદોષ પર ટકવા ના હોય આથી ફાઈલ કરવામાં આવે છે.......”

આયોગ દ્વારા અગાઉ વિવાદીના પત્નિ શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણીની અન્ય અપીલ નં.અ-૫૨૮૫-૨૦૨૨, અ-૫૩૫૪-૨૦૨૨, અ-૫૩૫૫-૨૦૨૨, અ-૫૩૬૦-૨૦૨૨માં તા.૨૪/૦૪/૨૦૨૩ના રોજ કરવામાં આવેલ હુકમના ફકરા નં. ૭ અને ૮માં નીચે મુજબ અવલોકનો અને નિર્ણય કરવામાં આવેલ છે:

“૭. વિવાદી માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ના જાણકાર હોવા છતાં એક જ વિષય બાબતે જુદી-જુદી નમૂના-ક ની અરજીઓ રાજ્યના જુદા-જુદા જાહેર સત્તામંડળોને તેમજ રાજ્ય સરકારના અધિકારીશ્રીઓ/ માન. મંત્રીશ્રીઓને તેમજ વિવિધ કોર્ટમાં અરજીઓ કરે અને જે-તે સત્તામંડળોએ સંબંધિત સત્તામંડળોને વિવાદીશ્રીની અરજી તબદીલ કરવી પડતી હોઇ કામગીરી બેવડાય છે તથા વિવાદીશ્રી આવા પત્રો/અરજીઓ અંગે થયેલ કાર્યવાહીની માગણી કરતા રહે છે તેમજ વિવાદીશ્રી પ્રથમ અપીલ અરજી તેમજ બીજી અપીલ અરજી કે ફરિયાદ કરી તે અન્વયે યોજવામાં આવતી સુનાવણીમાં પોતાનો પક્ષ રાખવા હાજર રહેતા નથી પરંતુ તેમના દ્વારા કરવામાં આવતી લેખિત રજૂઆતમાં માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇ ન હોય તેવી બાબતો (ટી.વી. ચર્ચા જેવી) ની રજૂઆતો કરે છે. વિવાદીશ્રી નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલમાં ઉલ્લેખ કરેલ બાબતોને સંબંધિત માહિતી માટે જુદા-જુદા

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

અધિકારીઓને પત્રો લખી તેની સાથે સંકળાયેલ મુદ્દાઓ માટે રાજ્યના ગૃહ વિભાગ તેમજ કાયદા વિભાગ તેમજ આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લાની અદાલતોમાં માહિતી માગતી અરજીઓ કરવા ટેવાયેલ છે.

૮. ઉક્ત તમામ અવલોકનો ધ્યાને લેતાં આયોગ આદેશ કરે છે કે, આ હુકમની તારીખ પછી વિવાદી શ્રીમતી જ્યોતિ પી. કેવલરામાણીની માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫ ની જોગવાઇ હેઠળ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ – આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લા ન્યાયાલયોના તમામ જાહેર માહિતી અધિકારીઓને મળેલ નમૂના-ક ની અરજીઓમાં નાયબ પોલીસ અધિક્ષકશ્રી, અંજાર વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલમાં ઉલ્લેખ કરેલ બાબત સાથે સીધી કે આડકતરી રીતે સંકળાયેલ હોય તેવી બાબતે કોઇ પણ માહિતી માગવામાં આવે તો નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજાર વિભાગ, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલની વિગતો ધ્યાને લઇ વધારે કોઇ વિગતો કે વધારે કોઇ માહિતી આપવાની જરૂરિયાત નથી, તે પ્રમાણે વિવાદીશ્રીને જવાબ કરવાની આવા તમામ જાહેર માહિતી અધિકારીશ્રીઓને આયોગ દ્વારા છૂટ આપવામાં આવે છે તેમજ રાજ્યના ગૃહ વિભાગ, કાયદા વિભાગ – આ બન્ને વિભાગોના ખાતાના વડાઓ, જિલ્લા કક્ષાના અધિકારીઓ તેમજ જિલ્લા ન્યાયાલયોના તમામ પ્રથમ અપીલ અધિકારીશ્રીઓને પણ શ્રીમતી જ્યોતિ પી. કેવલરામાણીની પ્રથમ અપીલની કોઇ સુનાવણી રાખવાને બદલે નાયબ પોલીસ અધીક્ષકશ્રી, અંજાર વિભાગ, અંજારના તા.૧૭/૦૩/૨૦૨૨ ના અહેવાલનો હવાલો ટાંકી પ્રથમ અપીલનો નિર્ણય કરવાની આયોગ છૂટ આપે છે."

આયોગ દ્વારા તા.૦૮/૧૧/૨૦૨૪ અને તા.૨૫/૦૨/૨૦૨૫ના રોજ વિવાદી શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી તેમજ તેઓના પત્ની શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણીની અનુક્રમે <u>૨૦</u> અને <u>૧૪</u> મળી કુલ <u>૩૪</u> બીજી અપીલ અને આજરોજ આ બન્ને વિવાદીઓની કુલ ૫(પાંચ) બીજી અપીલની સુનાવણી કરવામાં આવેલ છે. આ તમામ અપીલોમાં પણ વિવાદી શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી તેમજ તેઓના પત્ની શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણી દ્વારા આજ પ્રકારની વર્તણૂંક(માહિતીની માંગણી) કરવામાં આવેલ છે. આથી, ગુજરાત કાનૂની સેવા સત્તામંડળ દ્વારા કરવામાં આવેલ રજૂઆતમાં તથ્ય રહેલું છે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

આ ઉપરાંત આયોગને સ્પષ્ટપણે જણાયું છે કે, ઉક્ત બન્ને વ્યક્તિ(વિવાદી) દ્વારા સૌ પ્રથમ રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી, રાજ્યની હાઇકોર્ટ અને રાજ્ય સરકારના વિવિધ વિભાગો સહિતના વિવિધ ઉચ્ચ પદાધિકારી/ અધિકારીને સૌ પ્રથમ અરજી કરવામાં આવે છે. આવી અરજીઓ પરત્વે જે તે કચેરી દ્વારા કરવામાં આવેલ કાર્યવાહીથી વિવાદીઓને વાકેફ કરવામાં આવતા હોવા છતાં, તેઓ દ્વારા ત્યારબાદ તે અરજી સંદર્ભે થયેલ કાર્યવાહીની માહિતી મેળવવા માટે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવે છે. અરજીમાં પુરાવા સિવાય આક્ષેપો કરવામાં આવે છે અને ટી.વી. ડિબેટમાં ભાગ લેવા માટે રજૂઆત કરવામાં આવે છે.

ઉક્ત વિગતે માહિતી અધિકાર અધિનિયમ હેઠળ મળેલ અધિકારનો વિવાદી દ્વારા વિવેકપૂર્ણ રીતે ઉપયોગ કરવામાં આવે તે હેતુસર મર્યાદિત સંખ્યામાં અરજીઓ કરવા માટે વિવાદીને ફરજ પાડવી આયોગને અનિવાર્ય જણાયું છે. આ હેતુસર આયોગ દ્વારા નીચેની બાબતો ધ્યાને લેવામાં આવેલ છે:

(૧) વિવાદી શ્રી પ્રિતમ ગોપાલદાસ કેવલરામાણી તેમજ તેઓના પત્ની શ્રીમતી જ્યોતિ પી.કેવલરામાણી દ્વારા વિશાળ સંખ્યામાં બિન જરૂરી રીતે અરજીઓ કરીને માંગવામાં આવતી માહિતીને કારણે અનેક જાહેર સત્તામંડળના સ્ત્રોતોનો અપ્રમાણસર ઉપયોગ થઇ રહ્યો છે.

(૨) સુપ્રિમ કોર્ટ દ્વારા સી.એ.નં.૬૪૫૪/૨૦૧૧માં તા.૦૯-૦૮-૨૦૧૧ના રોજ આપવામાં આવેલ ચુકાદાના ફકરા ક્રમાંક-૩૭માં કરવામાં આવેલ અવલોકનો ધ્યાને લેવામાં આવેલ છે. ફકરા ક્રમાંક-૩૭ની વિગતો નીચે મુજબ છે.

"Para-37 Indiscriminate and impractical demands or directions under RTI Act for disclosure of all and sundry information (unrelated to transparency and accountability in the functioning of public authorities and eradication of corruption) would be counter-productive as it will adversely affect the efficiency of the administration and result in the executive getting bogged down with the non-productive work of collecting and furnishing information. The Act should not be allowed to be misused or abused, to become a tool

to obstruct the national development and integration, or to destroy the peace, tranquillity and harmony among its citizens. Nor should it be converted into a tool of oppression or intimidation of honest officials striving to do their duty. The nation does not want a scenario where 75% of the staff of public authorities spends 75% of their time in collecting and furnishing information to applicants instead of discharging their regular duties. The threat of penalties under the RTI Act and the pressure of the authorities under the RTI Act should not lead to employees of a public authorities prioritizing `information furnishing', at the cost of their normal and regular duties."

(૩) સુપ્રિમકોર્ટ દ્વારા સીવીલ અપીલ નંબર ૭૫૭૧/૨૦૧૧માં તા.૦૨/૦૯/૨૦૧૧ (The Institute of Chartered Accountants of India Vs.Shaunak H. Satya &Ors)ના રોજ આપવામાં આવેલ ચૂકાદાના પેરા નં.૨૬ માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે:

" We however agree that it is necessary to make a distinction in regard to information intended to bring transparency, to improve accountability and to reduce corruption, falling under section 4(1)(b) and (c) and other information which may not have a bearing on accountability or reducing corruption. The competent authorities under the RTI Act will have to maintain a proper balance so that while achieving transparency, the demand for information does not reach unmanageable proportions affecting other public interests, which include efficient operation of public authorities and government, preservation of confidentiality of sensitive information and optimum use of limited fiscal resources."

ઉપરોકત પેરા નંબર-૨૬ માં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે માહિતી અધિકાર અધિનિયમના દુરૂપયોગના કારણે આ અધિનિયમમાં પ્રજા વિશ્વાસ ગુમાવે તેવું ન થાય તે માટે અધિનિયમનો દુરૂપયોગ અટકાવવા કાયદા મુજબ પગલાં ભરવાં જોઇએ.

(૪) હાઇકોર્ટ, નવી દિલ્હી દ્વારા W.P(C) No.845/2014માં તા.૦૫/૦૨/૨૦૧૪ના રોજ આપવામાં આવેલા ચૂકાદાના ફકરા નં.૧૦માં નીચે મુજબ અવલોકન કરવામાં આવેલ છે.

"10. Consequently, this Court deems it appropriate to refuse to exercise its writ jurisdiction. Accordingly, present petition is dismissed. This Court is also of the view that misuse of the RTI Act has to be appropriately dealt with, otherwise the public would lose faith and confidence in this "sunshine Act". A beneficent Statute, when made a tool for mischief and abuse must be checked in accordance with law. A copy of this order is directed to be sent by the Registry to Defence and Law Ministry, so that they may examine the aspect of misuse of this Act, which confers very important and valuable rights upon a citizen."

(૫) વિવાદી દ્વારા માહિતી અધિકાર અધિનિયમની જોગવાઇઓ અન્વયે તેઓને પ્રાપ્ત થયેલ "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ થતો હોવાનું આયોગને જણાય છે અને વિવાદી દ્વારા "માહિતીનો અધિકાર"નો અપ્રમાણસર ઉપયોગ કરવાનું ચાલુ રાખવામાં આવેલ છે. આમ છતાં, વિવાદીનો અંતરઆત્મા જાગૃત થશે અને તેઓ વાજબી અધિકારને સમજીને, યોગ્ય રીતે અરજી કરશે અને કરવામાં આવતી અરજીઓની સંખ્યામાં ઘટાડો કરશે તેવી આશા સાથે આયોગ દ્વારા સંયમપૂર્વક અને ઉદારતાપૂર્વક વિવાદીની સંખ્યાબંધ અપીલોની સુનાવણી કરી, હુકમો કરવામાં આવેલ છે.

(૬) આટલી વિશાળ સંખ્યામાં વિવાદી દ્વારા અરજીઓ કરીને મેળવવામાં આવેલ માહિતીનો વિવાદી દ્વારા ક્યો (શું) ઉપયોગ કરવામાં આવે છે તે બાબત અનુત્તર રહે છે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

(૭) અધિનિયમના આમુખમાં દર્શાવેલ લોકશાહીના ઉચ્ચ આદર્શોને મૂર્તિમંત કરવાના ઉમદા આશયથી ઘડવામાં આવેલા આવા પવિત્ર અધિનિયમનો અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ સાથે માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી

કોઇ સંસ્થા સંમત થઇ શકે નહીં:

(૮) જાહેર સત્તામંડળના સંસાધનોનો ઉપયોગ લોકોપયોગી સેવાઓ પૂરી પાડવા માટે કરવાનો રહે છે. ગણ્યા ગાંઠ્યા નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમના ઉપયોગના અપ્રમાણસર/અનિયંત્રિત ઉપયોગ થકી તેઓની વ્યવસ્થાઓ ખોરવાય નહીં તે જોવાની પવિત્ર જવાબદારી માહિતી આયોગ સહિત લોકશાહીને વરેલી તમામ સંસ્થાઓની છે.

(૯) આયોગ દ્વારા અન્ય એક નાગરિકની અધિનિયમ અન્વયેની વર્તણૂંકના આધારે તેઓની રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનને સંબંધિત કોઇ અરજી ધ્યાને ન લેવા હુકમો કરવામાં આવેલ. આયોગના હુકમ વિરૂધ્ધ વિવાદી દ્વારા હાઇકોર્ટમાં કરવામાં આવેલ આર/એસ.સી.એ.નં. ૧૮૪૧૬-૨૦૨૩, તા.૦૭-૦૧-૨૦૨૫ના હુકમથી "<u>ડીસમીસ્ડ</u>" કરવામાં આવેલ છે.

(૧૦) નાછુટકે અધિનિયમના આમુખમાં જણાવ્યા અનુસાર, સંઘર્ષમાં આવતા હિતો વચ્ચે સંવાદિતા સાધવાના અધિનિયમના ઉદ્દેશોને સિધ્ધ કરવાના હેતુસર વિવાદી દ્વારા પ્રમાણસર અરજીઓ કરવામાં આવે તેવું ઠરાવવું આયોગને અનિવાર્ય જણાય છે.

(૧૧) આવા સંજોગોમાં વિવાદી દ્વારા રજૂ કરવામાં આવતી અપીલ/ફરિયાદનું પ્રમાણ નિયત કરવું આયોગને જરૂરી જણાયું છે અને તેથી ઉદારતાપૂર્વક આયોગ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં વધુમાં વધુ ૧૨(બાર) નમૂના-"ક" ની અરજીઓને પ્રસ્તુત અપીલના વિવાદીના કિસ્સામાં પ્રમાણસર ગણવામાં આવે છે. રાજ્યના તમામ નાગરિકો દ્વારા જો ૧૨(બાર) અરજીઓ કરવામાં આવે તો પણ વહીવટી તંત્ર ખોરવાઇ જાય આમ છતાં, તમામ નાગરિકો દ્વારા માહિતી અધિકાર અધિનિયમ હેઠળ અરજીઓ કરવામાં આવતી નહીં હોવાથી તથા અધિનિયમના આમુખમાં દર્શાવેલ આદર્શો અને આયોગને સોંપવામાં આવેલ "સંવાદિતા સાધવાની" ફરજોને ધ્યાને લઇને, વિવાદી દ્વારા પ્રતિ વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ વધુ જણાતી હોવા છતાં, આયોગ દ્વારા હાલના તબક્કે વિવાદીના કિસ્સામાં પ્રતિ કેલેન્ડર વર્ષ માહિતી અધિકાર અધિનિયમ હેઠળની ૧૨(બાર) અરજીઓ ઉદારતાપૂર્વક પ્રમાણસર ગણવામાં આવે છે.

ઉક્ત વિગતો ધ્યાને લઇને આયોગ દ્વારા વિવાદીને નીચે મુજબ આદેશો આપવામાં આવે છે:

(૧) પ્રસ્તુત હુકમની તારીખથી પ્રત્યેક કેલેન્ડર વર્ષમાં માહિતી અધિકાર અધિનિયમ હેઠળ વધુમાં વધુ ૧૨(બાર) અરજીઓ કરી શકશે.

(૨) આવી પ્રત્યેક અરજીમાં વધુમાં વધુ બે પ્રકરણને લગતી અને વધુમાં વધુ ૫(પાંચ) મુદ્દાઓમાં માહિતી માંગી શકશે.

(૩) પ્રસ્તુત હુકમની તારીખ બાદ જાહેર સત્તામંડળને કરવામાં આવતી પ્રત્યેક અરજીમાં તેઓએ નીચે મુજબની બાંહેધરી આપવાની રહેશે.

"આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, આયોગ દ્વારા અપીલ નં. અ-૪૦૧૪-૨૦૨૪માં તા.૦૪/૦૩/૨૦૨૫ના રોજ કરવામાં આવેલ હુકમ અનુસાર, કુલ ૧૨(બાર) પૈકી પ્રસ્તુત અરજીનો ક્રમાંક .......... છે." આ પ્રકારે બાંહેધરી દર્શાવી, વિવાદીએ તેની નીચે સહી અને તારીખ દર્શાવવાની રહેશે.

રાજ્યના તમામ જાહેર સત્તામંડળના જાહેર માહિતી અધિકારીઓ અને પ્રથમ અપીલ સત્તાધિકારીઓને જણાવવામાં આવે છે કે, આયોગના ઉક્ત હુકમ પ્રમાણે વિવાદી દ્વારા બાંહેધરી આપવામાં આવેલ ન હોય કે ૧૨(બાર) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરવામાં આવેલ હોય તો, બાંહેધરી આપવામાં આવેલ ન હોવાના કારણસર અને/અથવા ૧૨(બાર) થી વધુ સંખ્યામાં અરજીઓ રજૂ કરેલ હોવાના કારણોસર વિવાદીની અરજી દફતરે કરવામાં આવે અને તેની વિવાદીને જાણ કરવામાં આવે.

ગુજરાત માહિતી આયોગ ગાંધીનગર

સચિવ, ગુજરાત માહિતી આયોગને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમની નકલ રાજ્ય સરકારના તમામ વિભાગો અને વિભાગો હસ્તકના જાહેર સત્તામંડળને મોકલી આપી, તેનો અમલ કરવા માટે જણાવવામાં આવે.

રજીસ્ટ્રાર, ગુજરાત માહિતી આયોગને જણાવવામાં આવે છે કે, આયોગના પ્રસ્તુત હુકમ બાદ, રજૂ થતી બીજી અપીલ/ફરિયાદને સંલગ્ન નમૂના-"ક"ની અરજીમાં વિવાદી દ્વારા ઉપર મુજબની બાંહેધરી આપવામાં આવેલ ન હોય અથવા તેઓ દ્વારા એક કેલેન્ડર વર્ષમાં ૧૨(બાર) થી વધુ અરજી કરવામાં આવી હોય તો, ૧૨(બાર) થી વધુ અરજીઓ સંબંધમાં તેઓની બીજી અપીલ/ફરિયાદ સુનાવણી માટે રજૂ કરવાની રહેશે નહીં. આવી અપીલ/ફરિયાદ દફતરે કરી, તેની વિવાદીને જાણ કરવામાં આવે.

આયોગના પ્રસ્તુત હુકમની નકલ આયોગના સચિવ અને રજીસ્ટ્રારને આપવામાં આવે.

ઉક્ત હુકમો અન્વયે અપીલનો નિકાલ કરવામાં આવે છે.

સહી/-
(ડૉ. સુભાષ સોની)
રાજ્ય મુખ્ય માહિતી કમિશનર
ગુજરાત માહિતી આયોગ,
ગાંધીનગર

| મુકાબલ કરનાર | પ્રમાણિત કરનાર |
| --- | --- |
| કાયદા અધિકારી<br>ગુજરાત માહિતી આયોગ<br>ગાંધીનગર | નાયબ સચિવ<br>ગુજરાત માહિતી આયોગ<br>ગાંધીનગર |